



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ તેરસ બુધવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૮

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો

**મનપાથી** લઈને તાલુકા પંચાયત સુધી વિપક્ષના સુપડા સાફ

**મતદારોનો** કેસરીયો મિજાજ યથાવત

ગાંધીનગર : ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬ના પરિણામોના વલણોમાં ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર રાજ્યભરમાં એકચક્રી શાસન સ્થાપિત કર્યું છે. ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની કુલ ૯,૯૯૨ બેઠકો પર થયેલા જંગમાં ભાજપે પ્રચંડ બહુમતી સાથે વિપક્ષી પક્ષોને પછાડી દીધા છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2026ના પરિણામોના ટ્રેન્ડમાં ભારતીય જનતા પાર્ટીએ શહેરથી લઈને ગ્રામ્ય સ્તર સુધી જોરદાર પ્રદર્શન કરીને સ્પષ્ટ લીડ મેળવી છે. રાજ્યની 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતોના પરિણામોમાં ભાજપનો દબદબો દેખાઈ રહ્યો છે.આમ, સ્થાનિક સ્વરાજ્યની કુલ 9992 બેઠકોમાંથી ભાજપે બહુમતી સાથે 9733 બેઠકો મેળવી રાજ્યમાં પોતાનું એકચક્રી શાસન સાબિત કર્યું છે.



### મહાનગરપાલિકા અને નગરપાલિકામાં ભાજપનો દબદબો

| સંસ્થા | કુલબેઠક | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|---|
| ૧૫ મહાનગરપાલિકા | ૧,૦૪૪ | ૯૩૦ | ૯૦ |
| ૮૪ નગરપાલિકા | ૨,૬૨૪ | ૧,૯૮૫ | ૪૫૮ |
| જિલ્લા પંચાયત | ૧,૦૯૦ | ૮૭૩ | ૧૩૪ |
| (નોંધ અન્યને ૫૬ બેઠકો મળી છે) | | | |
| તાલુકા પંચાયત | ૫,૨૩૪ | ૩,૫૩૩ | ૧,૦૧૭ |

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના પ્રચંડ વિજય બાદ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ અમિત શાહે રાજ્યના તમામ મતદારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. શાહે આ જીતને પીએમ નરેન્દ્ર મોદીના "દેશ પ્રથમ"ના ભાવ અને વિકાસની રાજનીતિ પર જનતાની મહોર ગણાવી છે. અમિત શાહે ખાસ ઉલ્લેખ કર્યો હતો કે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આવતી અમદાવાદ મહાનગરપાલિકા ઉપરાંત કલોલ, સાણંદ અને બાવળા તાલુકા પંચાયત, કલોલ નગરપાલિકા તેમજ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા પંચાયત - તમામમાં ભાજપનો

...અનુસંધાન પાના 11 પર ➲

## સરકારે ચૂંટણી બાદ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાની અટકળો ફગાવી

**તેલ** કંપનીઓને રોજનું ૨,૪૦૦ કરોડનું નુકસાન છતાં ઈંધણના ભાવ હાલમાં નહીં વધે

**આંધ્ર** પ્રદેશ જેવા રાજ્યોના કેટલાક ભાગોમાં ગભરાટભરી ખરીદી શરૂ થઈ ગઈ હતી

**નવી દિલ્હી, તા. 28 (PTI):** પશ્ચિમ બંગાળમાં ૨૯ એપ્રિલે મતદાન પૂર્ણ થયા બાદ ભાવવધારાની અટકળોને ફગાવતાં એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે, સરકારની પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવાની કોઈ યોજના નથી.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે છેલ્લા બે મહિનામાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઉછાળો આવ્યો હોવા છતાં રિટેલ પેટ્રોલ અને ડીઝલના ભાવ સતત ચોથા વર્ષે વિક્રમી રીતે યથાવત રહ્યા છે.



ઈનપુટ ખર્ચ અને પંપ પરના ભાવ વચ્ચે વધતી જતી ખાઈને કારણે સરકારી તેલ કંપનીઓને ભારે નુકસાન થઈ રહ્યું છે - કેટલાક અંદાજો મુજબ દૈનિક નુકસાન આશરે રૂ. ૨,૪૦૦ કરોડ જેટલું છે - જેના કારણે તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ અને પુડુચેરીમાં રાજકીય રીતે ચર્ચિત વિધાનસભા ચૂંટણીઓ બુધવારે પૂર્ણ થયા બાદ ભાવમાં તોતિંગ વધારો થવાની અટકળો તેજ બની હતી.

પશ્ચિમ એશિયામાં સર્જાયેલી સ્થિતિની અસરો અંગેની ન્યૂઝ બ્રીફિંગમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે, "પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવાનો કોઈ પ્રસ્તાવ નથી."

શર્મા પશ્ચિમ બંગાળમાં બુધવારે મતદાન પૂર્ણ થયા બાદ ઈંધણના છૂટક ભાવમાં વધારો કરવામાં આવશે કે કેમ તે અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

શર્માએ ભાવમાં તોતિંગ વધારો થવાની અટકળોને ફગાવી દીધી હતી, જેના કારણે આંધ્ર પ્રદેશ જેવા રાજ્યોના કેટલાક ભાગોમાં ગભરાટભરી ખરીદી શરૂ થઈ ગઈ હતી.

વરિષ્ઠ અધિકારીએ ઉમેર્યું કે, "અમે કેટલીક જગ્યાએ ગભરાટભરી ખરીદી જોઈ છે. અમે આ તમામ સ્થળોએ રાજ્ય સરકારો સાથે સતત સંપર્કમાં છીએ. તમામ રિટેલ આઉટલેટ્સનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અને પુરવઠાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે (જ્યાં વધુ ખરીદી જોવા મળી રહી છે તેવા પેટ્રોલ પંપ પર) જેથી સ્ટોકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય અને ઈંધણ ખૂટી ન જાય."

### દિલ્હી ડાયરી

#### રાહુલ ગાંધીના સંબોધનથી સંસદમાં તણાવભરી સ્થિતિ સર્જાઈ

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સીમાંકન અને મહિલા અનામત બિલ પર આપેલા ભાષણથી ગૃહમાં તણાવભરી સ્થિતિ પેદા કરી દીધી હતી. તેમના આ ભાષણે સત્તાધારી પક્ષ અને સ્પીકર ઓમ બિરલાને પણ મુશ્કેલ સ્થિતિમાં મૂકી દીધા હતા. ગાંધીએ તેમના ભાષણની શરૂઆત બાળપણના એક કિસ્સાથી કરી હતી, જેમાં તેમણે તેમના દાદી અને ભૂતપૂર્વ વડા પ્રધાન ઇન્દિરા ગાંધી પાસેથી શીખેલા ડર પર વિજય મેળવવાના પાઠોને યાદ કર્યા હતા. આ સાંભળીને સત્તાધારી પક્ષ બેચેન બન્યો હતો, જેના કારણે બિરલાએ ગાંધીને બિલના મુદ્દા પર જ રહેવા વિનંતી કરી હતી. જોકે, કોંગ્રેસના નેતા અટક્યા નહીં અને જાદુઈ શો વિશેની બીજી વાર્તા શરૂ કરી દીધી. તેમણે વારંવારના અવરોધોને એમ કહીને બાજુ પર રાખ્યા કે, "હું તેના પર જ આવી રહ્યો છું.... મજા આવશે." આ દરમિયાન, પરેશાન થયેલા બિરલાએ ગાંધીને વાર્તાઓ ન કહેવા માટે ટોક્યા હતા અને આડકતરી ધમકી પણ આપી હતી. તેમ છતાં, તેઓ તેમને રોકવા કે તેમની ટિપ્પણીઓને રેકોર્ડમાંથી હટાવવા માટે કંઈ ખાસ કરી શક્યા નહીં, કારણ કે વિપક્ષના નેતા જે કંઈ કહી રહ્યા હતા તેમાં કંઈપણ અસંસદીય નહોતું. જ્યારે તેમણે આખરે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું, ત્યારે સત્તાધારી પક્ષના સભ્યોએ ભારે વિરોધ કર્યો. તેમણે ગાંધી પર વડા પ્રધાન અને સશસ્ત્ર દળોનું

...અનુસંધાન પાના 11 પર ➲

તા. ૨૮-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૧.૬° સે. | ૨૭.૨° સે. | ૨૩% |

## ઓપેક સંગઠનમાંથી નીકળી જવાની UAEની જાહેરાત

**UAE** હવે પોતાની શરતો પર તેલ વેચશે, પહેલી મેએ ઓપેકની સાથે ઓપેક પ્લસમાંથી પણ બહાર નીકળી જશે

**તેલ** નિકાસકારોના આ સંગઠનના મુખ્ય દેશ સાઉદી સાથે તનાવ વચ્ચે જાહેરાત કરી

**દુબઈ, તા. 28 (AP):** સંયુક્ત આરબ અમીરાત (UAE)એ મંગળવારે જાહેરાત કરી છે કે તે 1 મેથી તેલ ઉત્પાદક દેશોના સંગઠન 'ઓપેક'(OPEC) અને તેના વિસ્તૃત જૂથ 'ઓપેક+' માંથી બહાર નીકળી



જશે. આ પગલા અંગે છેલ્લા કેટલાક સમયથી અટકળો ચાલી રહી હતી, કારણ કે અમીરાત તેલ ઉત્પાદન પરના નિયંત્રણોથી નારાજ હતું અને પાડોશી દેશ સાઉદી અરેબિયા સાથે તેના સંબંધોમાં પણ ખટાશ વધી રહી હતી. UAE લાંબા સમયથી ઓપેકનું સભ્ય રહ્યું છે. સૌપ્રથમ 1967માં અબુ ધાબીના અમીરાત તરીકે અને ત્યારબાદ 1971માં જ્યારે

...અનુસંધાન પાના 11 પર ➲

#### વૈશ્વિક ક્રૂડ બજાર પર કેવી અસર થશે?

**લંડન :** UAEના આ પગલા પછી તેલના ભાવમાં થયેલો વધારો થોડો ઓછો થયો હતો, જે સૂચવે છે કે વેપારીઓ આ એક્ઝિટને એવા પરિબળ તરીકે જોઈ રહ્યા છે જે ભવિષ્યના સપ્લાય મેનેજમેન્ટ પર અસર કરી શકે છે. UAEના આ નિર્ણયથી વૈશ્વિક સ્તરે તેલના ઉત્પાદનનું સંકલન કેવી રીતે થશે તે અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે, ખાસ કરીને એવા સમયે જ્યારે બજાર પહેલેથી જ ભૌગોલિક

...અનુસંધાન પાના 11 પર ➲

## આજે બંગાળમાં બીજા તબક્કાનું મતદાન

**મમતા** બેનરજીનો દક્ષિણનો મજબૂત ગઢ ભાજપ ભેદી શકશે તો જ સત્તા સુધી પહોંચી શકશે

**કોલકાતા, તા. 28 (PTI):** પશ્ચિમ બંગાળમાં જ્યારે બુધવારે વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાનું મતદાન થશે, ત્યારે રાજ્ય માત્ર તેના રાજકીય હૃદય સમાન વિસ્તારોમાં ૧૪૨ ધારાસભ્યોની જ પસંદગી નહીં કરે, પરંતુ એ પણ નક્કી કરશે કે તૃણમૂલ કોંગ્રેસ (TMC) હજુ પણ તેના દક્ષિણના ગઢ પર કબજો ધરાવે છે કે કેમ, અથવા ભાજપે આખરે રાજ્ય સચિવાલય 'નબન્ના' સુધી પહોંચવાનો માર્ગ શોધી લીધો છે.

જો ૨૩ એપ્રિલના પ્રથમ તબક્કાએ એ પરીક્ષણ કર્યું હતું કે ભાજપ ઉત્તર બંગાળ અને તેની આસપાસના જિલ્લાઓમાં પોતાની પરંપરાગત

...અનુસંધાન પાના 11 પર ➲

## બહેનના મૃત્યુનો પુરાવો આપવા શખ્સ હાડપિંજર લઈને બેંકમાં ગયો!



**ભુવનેશ્વર/કેઓંઝર, તા. 28 (PTI):** ઓડિશાના કેઓંઝર જિલ્લામાં એક આદિવાસી વ્યક્તિ પોતાની બહેનના મૃત્યુના પુરાવા તરીકે તેના ખોદી કાઢેલા હાડપિંજરને

...અનુસંધાન પાના 11 પર ➲

### અમેરિકાથી આવેલા યુવકે ધર્મ પૂછી સુરક્ષાકર્મીઓ પર કર્યો ચપ્પુથી હુમલો

## મુંબઈમાં 'લોન વુલ્ફ એટેક'

**મુંબઈ, તા. 28:** અહીંના મીરા રોડ વિસ્તારમાં એક બંધાઈ રહેલી ઈમારતના બે સુરક્ષા ચોકિયાતોને કથિત રીતે તેમનો ધર્મ પુછીને બાદમાં તીક્ષ્ણ હથિયારથી તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે અને તે કટ્ટરવાદી વિચારધારાથી પ્રેરિત હોવાની શંકા છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, અમેરિકામાં કેટલાક વર્ષો સુધી રહી ચૂકેલા ૩૧ વર્ષીય આરોપીનું 'સ્વ-કટ્ટરપંથીકરણ' (સેલ્ફ-રેડિકલાઈઝેશન) થયું હોય તેમ જણાય છે. રાજ્યના એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS)ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રથમ દ્રષ્ટિએ આ ઘટના 'લોન વુલ્ફ' હુમલો હોવાનું જણાય છે. આરોપી ઝૈબ ઝુબેર અંસારીએ કથિત રીતે સોમવારે વહેલી સવારે મીરા રોડ વિસ્તારમાં એક નિર્માણાધીન ઈમારતના સ્થળે સુરક્ષા ચોકિયાતોને ચપ્પુ મારતા કરતા પહેલા 'કલમા'(ઈસ્લામી શ્લોક) પઢવા કહ્યું હતું. 'લોન વુલ્ફ એટેક' એટલે એવી આતંકવાદી

...અનુસંધાન પાના 11 પર ➲

